નગરજનો સાથે યોગ કરતા મહેસૂલ મંત્રી કૌશિકભાઈ પટેલ

અમદાવાદ કાંકરિયા ખાતે આજે વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં મહેસૂલ મંત્રી કૌશિકભાઈ પટેલે નગરજનો સાથે ઉપસ્થિત રહી યોગ કર્યા હતા.

મંત્રી કૌશિકભાઈ પટેલે કહ્યું હતું કે, વિશ્વ યોગ દિવસની ઉજવણીથી યોગ વિશેની જાણકારી અને તેનું મહત્વ સમજાય તે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજથી ચાર વર્ષ પહેલાં યુનાઈટેડ નેશન્સમાં આપણી આ યોગ સંસ્કૃતિના કાર્યક્રમો વિશ્વમાં એક સાથે થાય તે માટે યુનોમાં દરખાસ્ત કરી અને એનો સ્વીકાર થયો અને દેશ-વિદેશમાં આ દિવસને યોગ દિવસ તરીકે ઉજવાય તેવું આયોજન કરવામાં આવ્યું. આજે ગુજરાતમાં મહાનુભાવોની ઉપસ્થિતિમાં ૧ કરોડથી વધારે લોકોએ યોગમાં ભાગ લઈ યોગ વિશેની જાણકારી અને યોગની તાકાતનું નિદર્શન કર્યું છે. યોગ અને આયુર્વેદ એ ભારતની સાચી ઓળખ છે અને આપણી સંસ્કૃતિ છે. આજે નહિ પણ નિરંતર આ પ્રક્રિયા જન-જન કરે અને તન-મન સ્વસ્થ રાખે તેવી અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમમાં નગરના મહાનુભાવો, ભાઈ-બહેનો અને બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગીર-સોમનાથ જિલ્લામાં ૨.૭૫ લાખથી વધુ લોકો યોગ નિદર્શન જોડાશે

ગીર-સોમનાથ, વિશ્વભરમાં તા. ૨૧ જુને વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે.ગીર-સોમનાથ જિલ્લામાં પણ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાશે. ગીર-સોમનાથ જિલ્લામાં તા. ૨૧ જૂને ૨.૭૫ લાખથી વધુ લોકો એકી સમયે યોગ નિદર્શન કરશે. પછાત વર્ગ વિકાસ નિગમનાં અધ્યક્ષશ્રી નરેન્દ્રભાઈ સોલંકીની ખાસ ઉપસ્થિતિમાં સોમનાથ મહાદેવનાં પરિસરમાં સવારે ૦૬:૪૫ થી ૦૭:૪૫ કલાક દરમ્યાન ગીર-સોમનાથ જિલ્લાકક્ષાની યોગ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. જેમાં ૩ હજારથી વધુ લોકો સહભાગી થશે.

વેરાવળમાં-૧૯૧, સુત્રાપાડામાં-૧૬૮, તાલાળામાં-૧૨૩, કોડીનારમાં-૧૯૩, ઉનામાં-૨૦૨ અને ગીરગઢડામાં-૭૭ સહિત જિલ્લામાં કુલ ૯૫૪ સ્થળોએ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. સાથોસાથ ૯૧૫ શૈક્ષણિક સંસ્થાઓમાં પણ યોગ દિવસની ઉજવણી કરાશે. વિશ્વ યોગ દિવસે જિલ્લામાં ૫૧૭ માસ્ટર ટ્રેનરો દ્વારા ૨.૭૫ લાખથી વધુ લોકોને યોગ નિદર્શન કરાવાશે. ઈણાજ જિલ્લા સેવાસદન ખાતે કલેકટરશ્રી અજયપ્રકાશનાં અધ્યક્ષસ્થાને વિશ્વ યોગ દિવસની ઉજણવીનાં સુચારૂ આયોજન માટે યોજાએલ બેઠકમાં સમગ્ર આયોજનનને આખરી ઓપ અપાયો હતો.

ગીર-સોમનાથ જિલ્લાકક્ષાની યોગ દિવસની ઉજવણી પાંચ સ્થળોએ કરવામાં આવશે. જેમાં સોમનાથ મંદિરનાં પરિસર, સોમનાથ સંસ્કૃત યુનિ., મહિલા કોલેજ વેરાવળ, આદિત્ય બિરલા સ્કુલ, વેરાવળ અને કોસ્ટગાર્ડ જેટી વેરાવળનો સમાવેશ થાય છે. વેરાવળ તાલુકાકક્ષાની ઉજવણી કીડીવાવ શૈક્ષણિક સંકુલ, સિમાર ખાતે કરવામાં આવશે. જેમાં ૧૫૦૦ થી વધુ લોકો યોગ નિદર્શનમાં સહભાગી થશે. તેમજ વેરાવળ નગરપાલિકા કક્ષાની વિશ્વ યોગ દિવસની ઉજવણી ડો.બાબાસાહેબ આંબેડકર પાર્ક, વેરાવળ અને શ્રી શ્રી રવિશંકર પાર્ક, શ્રીપાલ ચોકડી, વેરાવળ ખાતે કરાશે. જેમાં શહેરી વિસ્તારનાં બે હજારથી વધુ લોકો સહભાગી થશે.

હાર્વર્ડ આઈઆરસી અને વર્લ્ડવ્યૂ એજ્યુકેશન મળી હાર્વર્ડ મોડલ યૂએન ઈંડિયાની ૮મી આવૃત્તિનું કરશે આયોજન

શાળના વિદ્યાર્થી-વિદ્યાર્થીઓને ટકાઉ વિકાસના લક્ષ્યોને સ્થાનીય સ્તર પર જીવનમાં સક્રિયતા સાથે અપનાવવા માટે પ્રેરિત કરવાના ઉદ્દેશથી વર્લ્ડવ્યૂ એજ્યુકેશને હાર્વર્ડ ઈંટરનેશનલ રિલેશંસ કાઉંસિલ (આઈઆરસી)ની સાથે મળી હાર્વર્ડ મોડલ યૂનાઈટેડ નેશંસ (એચએમયૂએન) ઈંડિયાનું આયોજન કરવાનો નિર્ણય લીધો છે. આ આંતરરાષ્ટ્રીય સંબંધો પર એક ચાર દિવસીય સમ્મેલન થશે, જેને ૧૨ થી ૧૫ ઓગસ્ટ,૨૦૧૮ સુધી હૈદરાબાદમાં હાઈ સ્કૂલ સ્ટૂડેંટ્સ માટે આયોજિત કરવામાં આવશે. કોન્ફરંસની આઠમી આવૃત્તિની થીમ હશે- 'એક્ટ ટૂ ઈમ્પેક્ટ'. તેમાં પ્રેરક પ્રિતનિધિ ભાગ લેશે જે અહિં શીખી અને અપનાવીને વાસ્તવિક દુનિયામાં પોતાના સમુદાયમાં તેને લાગૂ કરવાનું કામ કરશે.

આ વાર્ષિક સમ્મેલનમાં હાઈસ્કૂલના પ્રતિનિધિ આંતરરાષ્ટ્રીય મહત્વની સમસ્યાઓ પર ગંભીર ચિંતન-મનન કરે છે અને સૌથી મહત્વપૂર્ણ સમાધાનો પર ચર્ચા કરે છે. જેથી પોતાના સમુદાયોમાં સકારાત્મક બદલાવ લાવી શકે. તેનું મુખ્ય ફોકસ યૂનાઈટેડ નેશંસના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સને પ્રાપ્ત કરવાનું છે. એચએમયૂએન ઈંડિયા એક એજ્યુકેશન મિશન ડ્રાઈવ હોય છે, જે ક્રિટિકલ થિંકિંગ અને કૂટનીતિની કળા અને સહયોગના મહત્વ પર પ્રકાશ પાડે છે. (૧-૭)

Edi:Mayur C. Bhatt, Printer & Publisher-Mayur C Bhatt., Place of Pub: 37/ A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara-Place of Printing : Mahadev Offset, H-47, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19 Owner: Kalyani Pub. Pvt. Ltd.

જૂનાગઢ જિલ્લા કક્ષાએ વિશ્વયોગ દિવસની ઉજવણીમાં બિન અનામત વર્ગ શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના ચેરમેનશ્રી બી.એચ.ઘોડાસરા પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં ઉજવાશે

જૂનાગઢ, ૨૧ મી જૂનને સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા વિશ્વયોગ દિવસ તરીકે જાહેર કરવામાં આવેલ છે. જેનાં ઉપલક્ષ્યમાં રાજ્ય સરકારશ્રી તરફથી પણ આ ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમો નિર્ધારીત કરવા રાજ્ય જિલ્લા તથા તાલુકા સ્તરે કાર્યક્રમો કરવા નક્કી કરવામા આવેલ છે. તા. ૨૧મી જૂન-૨૦૧૮ના રોજ સવારે ૬-૦૦ કલાકે વિશ્વ યોગ દિવસનો જૂનાગઢ જિલ્લા કક્ષાનો કાર્યક્રમ પોલીસ હેડ ક્વાર્ટર, પોલીસ પરેડ ગ્રાઉન્ડ, જયશ્રી સીનેમા પાસે જૂનાગઢ ખાતે ગુજરાત રાજ્ય બીન અનામત વર્ગ શૈક્ષણીક અને આર્થિક વિકાસ નિગમનાં ચેરમેનશ્રી બી.એચ.ઘોડાસરાની ઉપસ્થિતીમાં રાખવામાં આવેલ કાર્યક્રમમાં જિલ્લાનાં તમામ વરીષ્ઠ અધિકારીઓ, કર્મચારીઓ તથા જાહેર જનતા ઉપસ્થિત રહેશે.અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લા સમાહર્તા ડો. સૌરભ પારઘીનાં માર્ગદર્શન તળે જૂનાગઢ જિલ્લામાં દરેક તાલુકા મથકે, નગરપાલીકા કક્ષાએ, ગ્રામપંચાયત કક્ષાએ, પ્રાથમીક શાળા, માધ્યમિક શાળા, કોલેજ, યુનિવર્સિટીઓ, આઈ.ટી.આઈ, એન.સી.સી., પોલીસ તાલીમ કેન્દ્રો, સેવાભાવી સંસ્થાઓ ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી થનાર છે. જિલ્લામાં ૧૫૬૯ કેન્દ્રો ખાતે ૨,૨૫,૦૨૧ રજીસ્ટ્રેશન મુજબ લોકો યોગ શિબિરમાં ઉપસ્થિત રહેવા સહમતી દર્શાવી છે. જૂનાગઢ શહેરમાં પોલીસ હેડક્વાર્ટર, બહાઉદ્દિનકોલેજ, જિલ્લા જેલ, ભારતી આશ્રમ ભવનાથ, અને કન્યા વિદ્યાલય જોષીપરા ખાતે જિલ્લા સ્તરની વિશ્વયોગ દિવસની ઉજવણી હાથ ધરાશે.

યોગ એ એક પ્રાચીન શારિરીક, માનસિક અને આધ્યાત્મિક પ્રણાલી છે. સમગ્ર વિશ્વને યોગની ભેટ આપનાર બીજું કોઈ નહિ પણ આપણો ભારતદેશ છે. યોગ એ સંસ્કૃત શબ્દ છે જેનો અર્થ જોડાણ કરવું કે એક કરવું થાય છે. યોગ એ શરીર અને આત્મના જોડાણનો પ્રતિક છે. યોગ એ આધ્યાત્મિક શિસ્ત છે. આજે યોગ એ સમગ્ર વિશ્વમાં જુદા-જુદા સ્વરૂપે કરાય છે અને તેની લોકપ્રિયતા પણ દિન-પ્રતિદિન વધી રહી છે. યોગ એ સદીઓથી ચાલી આવતી આપણી ભારતીય સંસ્કૃતિનો એક ભાગ હોય યોગને ધ્યાનાવસ્થા સાથે જોડવામાં આવેલ છે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌપ્રથમ સંયુક્ત રાષ્ટ્રની સભામાં યોગ વિશે ચર્ચા કરી હતી. ૨૧મી જૂનનો દિવસ એ ઉત્તરીય ગોળાર્ધમાં સૌથી લાબો હોય પ્રધાનમંત્રી મોદીએ ૨૧મી જૂનને વિશ્વ યોગ દિવસ મનાવવા માટે સુચન કર્યું. આ બાબતે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ઠરાવ પસાર કરવામાં આવ્યો જેમાં દુનિયાના મોટા ભાગના દેશોએ સહમતિ દર્શાવી અને વર્ષ ૨૦૧૫ થી ૨૧ મી જૂન એ વિશ્વ યોગ દિવસ તરીકે મનાવવાનું નક્કી થયું. "યોગ એ ભારતની પ્રાચીન પરંપરાની વિશ્વને એક અમૂલ્ય ભેટ છે.

સ્મિત ફેલાવે છે, આશા જગાવે છે, YAY!.... સંગીતની નોંધ એક સાથે પ્રસાર કરે છે!

સંગીત વિનાની દુનિયાની કોઈ કલ્પના નહીં કરી શકે અન જિમી હેન્ડ્રિક્સે સાચું જ કહ્યું છે કે જો આ દુનિયામાં કશુંક બદલવું હોય તો તે સંગીત થકી જ થઈ શકે છે. સંગીત આપણી સંસ્કૃતિ સાથે બાળકોને પરિચિત કરાવવાની અત્યંત સુંદર રીત છે. વૈશ્વિક સંગીત દિવસની ઉજવણી શરૂ થઈ રહી છે ત્યારે બાળકોની ચેનલ સોની YAY!એ બાળકોને સંગીત તેના પરિપૂર્ણ સ્વરૂપમાં ખોજ કરવાની આનંદિત તક આપવા અને સંગીતની જાદુઈ ભેટની ઉજવણી કરવા માટે સંગીતીક ધ્યેય પર નીકળી પડી છે.

ચેનલનાં અત્યંત લયબદ્ધ અને વહાલાં પાત્રો ગુરુ અને ભોલેએ આ ધ્યેયને પૂરો કરવા માટે શાન, કૈલાશ ખેર, શ્રુતિ પાઠક અને પલક મુછાળ જેવા નામાંકિત સંગીતકારો સાથે સહયોગ કરીને આ દિવસને વધુ વિશેષ બનાવવાનું નક્કી કર્યું છે. યુવા આકાંક્ષાત્મક આત્માઓને પ્રેરિત સંગીતકારોમાં ફેરવવાના લક્ષ્ય સાથે તેમણે વાજિંત્રો એન્ડોર્સ કર્યાં છે... જેમ્બે, ગિટાર, ઉકુલેલે અને બોંગો ડ્રમ્સ પર આ કલાકારો દ્વારા અનુક્રમે ઓટોગ્રાફ કરવામાં આવ્યાં હતાં. આ વાજિંત્રો પછી વિશેષ એનજીઓને દાન કરાશે, જેનું લક્ષ્ય નિર્બળ બાળકો માટે સંગીત અનુભવો નિર્માણ કરવાનું, સંગીતનું જ્ઞાન અને સમજદારી આદાનપ્રદાન કરવાનું હોય અને સંગીતનું શિક્ષણ અને તેની સાથે મળતી ખુશીને બધા માટે પહોંચક્ષમ બનાવવાનું લક્ષ્ય છે. (૧૯-૮)

અવીવા એ લોકોમાં આર્થીક સમજના વિકાસ માટે ઓનાલાઈન વિલ રાઈટિંગનો આરંભ કર્યો

અવીવા લાઈફ ઈન્સ્યોરન્સએ તેની અનોખી સેવા ઉંæ ઊંહિષ્ઠ જીદ્દિષ્ઠી નો શુભારંભ કર્યો છે. ગ્રાહકો માટે સુરક્ષિત અને સરળરીતે વિલ (વસીયત) લખવા માટે આ ડિઝિટલ પ્લેટફોર્મ પર શરૂઆત થી અંત સુધી બધુ કાર્ય થઈ શકે છે. અવીવા 'વિલ રાઈટિંગ સર્વિસ' ની મદદ થી ગ્રાહકો તેમની સંપતિનું વિલ માત્ર ૩ સ્ટેપ્સમાં (પગલા) તૈયાર કરી શકે છે અને તે માટે તેમને માત્ર ૧૫ મિનિટનો જ સમય લાગશે. આ માટે તેમને પ્રથમ પગલામાં તેમની સંપતિનું સંપૂર્ણ વિવરણ આપવાનું છે, બીજા પગલામાં લાભર્થીઓ (હકદારો) નામ નોંધવા હોય છે અને ત્રીજા પગલામાં વિલ જનરેટ કરવાનું હોય છે. લોન્ચના માધ્યમથી લોકોમાં અને મોટી સંખ્યામાં અવીવાના 'ડિઝિટલ સેવી' ગ્રાહકો વચ્ચે કંપનીની વિશિષ્ટ ઓળખ ઉભી થશે અને લોકોને ડિઝિટલ સેવાનો નવીન અનુભવ મળશે. આ અનોખા પ્લેટફોર્મનો હેતુ લોકોમાં એવી સમજ વિકાસ કરવાનો છે કે પૈસા અને સંપતિ બનાવ્યા બાદ પોતાની જમા-પૂંજી પોતાના લોકોને સરળતાથી મળે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે. લોકો અવીવાની આ નવી સેવાનો લાભ લઈને કોઈપણ ખર્ચ વગર તેમનું વિલ બનાવી શકે છે. ગ્રાહકો આ ઓનલાઈન સેવાનો ઉપયોગ તેમની ફૂરસદે કોઈપણ સ્થળે અને સમયે કરી વિલ અંગેનું જરૂરી કાર્ય પૂરૂ કરી શકે છે.

આ ઘોષણા વિશે અવીવાના ચીફ કસ્ટમર, માર્કેટિંગ અને ડિઝિટલ ઓફિસર સુશ્રી અંજલિ મલ્હોત્રા એ કહયું 'ભારતમાં વિલ લખવું એ સંવેદનશીલ બાબત છે. તેના વિશે કેટલીય ગેરમાન્યતાઓ છે અને લોકો વિલ લખતા ડરે પણ છે, કારણ કે તેઓ તેને મૃત્યુ અને અપ્રત્યાશીત ઘટનાઓ સાથે જોડીને જુએ છે. કેટલાય લોકો વિલ નથી લખતા કારણ કે તેઓ માને છે કે તે જટિલ અને ખર્ચાળ કાર્ય છે. આ અસુવિધાઓને દૂર કરવા માટે અમે ઓનલાઈન વિલ લખવાની સેવા શરૂ કરી છે, જેથી બધા સરળતાથી તેમનું વિલ લખી શકે. આ સાથે અમે લોકોમાં આર્થીક સમજમાં વૃદ્ધિ કરાવાનું અમારૂ લક્ષ્ય પણ સિદ્ધ કરી શકીશું. અમને વિશ્વાસ છે કે આ સેવાના માધ્યમથી લોકો અવીવામાં અગાઉથી વિશ્વાસ કરતા હતા તેમાં વૃદ્ધિ થશે.' (૧૩-૫)

અમદાવાદમાં ૭૫૦થી વધુ દિવ્યાંગ ભાઈ-બહેનોએ સાઈલન્ટ યોગા નિદર્શન કરી વૈશ્વિક ઈતિહાસ રચ્યો



ગીનીઝ વર્લ્ડ ઓફ રેકોર્ડની ટીમે યોગા નિદર્શનનું પરિક્ષણ કર્યુ

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ આજે વિશ્વ યોગ દિવસની ઉજવણી સંદર્ભે અમદાવાદ સ્થિત જી.એમ.ડી.સી. કન્વેન્શન હોલ ખાતે દિવ્યાંગજનોના યોગ નિદર્શનમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ આ દિવ્યાંગોને પ્રેરણા આપતા કહ્યું કે, યોગ, વ્યક્તિના માનસિક શારીરિક આત્મિક વિકાસનો સમન્વય છે. તેમણે ગુજરાતમાં આ વિશેષ યોગ પ્રયોગને નવી પહેલ ગણાવતા ઉમેર્યુ કે, સ્વસ્થ તંદુરસ્ત જીવનની આ ભારતીય વિરાસતનો હવે વિશ્વ આખાએ સ્વીકાર કર્યો છે ત્યારે ગુજરાત યોગના વ્યાપક પ્રચાર પ્રસારથી એમાં પણ અગ્રેસર રહેશે.

પોતાની શારીરિક ક્ષતિઓ બાવજુદ પણ ઉમંગભેર સહભાગી થયેલા ૭૫૦થી વધુ દિવ્યાંગ ભાઈ બહેનોને પ્રેરણા પ્રોત્સાહન આપવા શ્રીમતી અંજલિ બહેન રૂપાણી પણ મુખ્યમંત્રીશ્રી સાથે ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં આજે અમદાવાદ ખાતે અનોખો વિશ્વ ઈતિહાસ રચાયો. આજે વિશ્વ યોગ દિવસે ૭૫૦થી વધુ દિવ્યાંગ ભાઈ-બહેનોએ સાઈલન્ટ યોગા નિદર્શન કરી વૈશ્વિક ઈતિહાસ રચ્યો છે. આ સાઈલન્ટ યોગા નિદર્શનમાં તમામ દિવ્યાંગ બાળકોને હેડફોનથી સુસજ્જ કરવામાં આવ્યા હતાં અને તેને બ્લ્યુ ટુથથી જોડવામાં આવ્યા હતા. જેમાં હેડફોનમાં સંભળાતા માર્ગદર્શન અનુસાર યોગ નિદર્શન એક સાથે કર્યા હતા, જેનાથી મુખ્યમંત્રીશ્રી પ્રભાવિત થયા હતા.

કાર્યક્રમ સમાપ્ત થયા પછી મુખ્યમંત્રીશ્રીએ દિવ્યાંગ ભાઈ-બહેનો સાથે સ્નેહસભર સંવાદ કર્યો હતો. આ યોગા નિદર્શનનું પરિક્ષણ કરવા માટે ગીનીઝ વર્લ્ડ ઓફ રેકોર્ડની ટીમ પણ આવી હતી.

અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટરમાં યોજાયેલા આ વિશેષ યોગ નિદર્શનમાં દિવ્યાંગ યોગ સાધકોએ પોતાની સાંકેતિક ભાષામાં યોગ પ્રશિક્ષકના માર્ગદર્શનમાં યોગાસનો કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આપણી સંસ્કૃતિની વિરાસત એવા યોગ દિવસની સમગ્ર વિશ્વ ઉજવણી કરી રહ્યું છે પરંતુ અમદાવાદની ધરતી પર દિવ્યાંગજનો યોગમાં સહભાગી થયા તેનો વિશેષ આનંદ છે. કુદરતે આપેલી કોઈક ખોટ છતાં પણ આ દિવ્યાંગજનોએ યોગ કરીને તેમના આત્મવિશ્વાસનો પરિચય કરાવ્યો છે અને રેકોર્ડ પણ સજર્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની યોગ માટેની અપીલને બાળ-વૃધ્ધ-ગરીબ-તવંગર-યુવાનો-મહિલાઓ એમ સમાજના દરેક વર્ગોએ પ્રતિસાદ આપ્યો છે પરંતુ દિવ્યાંગજનો પણ તેમાં જોડાયા છે તે યોગ પ્રત્યેની તેમની નિષ્ઠા છે અને ભારતની વિરાસતને તેમણે ઉજાગર કરી છે તેમ જણાવ્યું હતુ.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોજાયેલા આ કાર્યક્રમમાં યુવક, સેવા અને સાંસ્કૃતિક સચિવશ્રી વી.પી.પટેલ, જિલ્લા કલેકટર શ્રી ડો.વિક્રાંત પાંડે સહિત મહાનુભાવો, યોગા નિરીક્ષકો, યોગ શિક્ષકો અને નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

નારી શક્તિ રાષ્ટ્ર શક્તિ બને તે દિશામાં રાજ્ય સરકારના પ્રયત્નોને બિરદાવતા પૂર્વ મંત્રી વસુબેન ત્રિવેદી

જામનગર, ગુજરાત રાજ્ય મહિલા આયોગ ગાંધીનગર દ્વારા પ્રેરીત તેમજ આઈ.સી.ડી.એસ. જીલ્લા પંચાયત જામનગર દ્વારા આયોજીત સ્થાનિક સ્વરાજની ચૂંટાયેલી મહિલાઓ અને અન્ય મહિલાઓને મહિલા વિષયક કાયદાઓ અને મહિલા સશક્તિકરણ અંગેની યોજનાઓની જાણકારી મળી રહે તે હેતુ માટેની કાયદાકીય જાગૃતિ શિબિર ગુજરાત રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષા શ્રીમતી લીલાબેન અંકોલીયાની અધ્યક્ષતામાં જામનગરના ટાઉનહોલ ખાતે યોજાઈ હતી.

આ કાયદાકીય શિબિરમાં બહેનોના અધિકારો વિશે માર્ગદર્શન આપતા ગુજરાત રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષા શ્રીમતી લીલાબેન અંકોલીયાએ જણાવ્યુ હતુ કે, મહિલાઓ શિક્ષણ થકી પોતાના અધિકારોને ઓળખી સમાજમાં થતાં મહિલા શોષણને અટકાવવા જાગૃત થવુ જોઈએ. આ બાબતે ભારતના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૧ માં મહિલા અને બાળ વિકાસની રચના કરી હતી તેમજ ૨૦૦૫ માં ગુજરાત રાજ્ય મહિલા આયોગની રચના કરવામાં આવી હતી. આયોગની રચના થયા બાદ અત્યાર સુધીમાં અંદાજીત ૧૮૦૦૦ મહિલા શોષણ સબંધિત પ્રશ્નોનો સમાધાન મહિલા આયોગ દ્વારા કરવામાં આવેલ છે. મહિલાઓને ઝડપી ન્યાય મળે તે ઉદેશથી ગુજરાતમાં રાજ્ય સરકારના પ્રયત્નો દ્વારા ૨૭૦ જેટલી નારી અદાલતો કાર્યરત છે અને આ નારી અદાલત દ્વારા ૨૫૦૦૦ પ્રશ્નોનું સમાધાન થયેલ છે. આ ઉપરાંત અભયમ હેલ્પ લાઈન ૧૮૧ દ્વારા મહિલાઓ પર થતા અત્યાચારનું તાત્કાલીક નિવારણ આવે તે માટે ૨૪ કલાક કાર્યરત રહે છે. તેનાથી મહિલાઓ પર થતા અત્યાચારોમાં ઘણો ઘટાડો નોંધાયેલ છે, જે સરાહનીય છે. આ શિબિરમાં રાષ્ટ્રીય મહિલા આયોગના સભ્યશ્રી સુષ્મા શાહુએ મહિલાઓને શિક્ષિત થઈ પોતાના અધિકારોની જાણકારી મેળવી અને મહિલા શોષણ અટકાવવા જરૂરી માર્ગદર્શન અને કાયદાકીય કલમોની જાણકારી આપી હતી. સાથે જ મહિલાઓએ પોતાની જવાબદારી સમજી પોતાના બાળકોને વધારેમાં વધારે સમય ફાળવી બાળકોને ગુન્હાહીત પ્રવૃતિમાં ન ધકેલાય તેની કાળજી લેવા અનુરોધ કર્યો હતો.

નારી શક્તિ રાષ્ટ્ર શક્તિ બને તે દિશામાં રાજ્ય સરકારના પ્રયત્નોને પૂર્વ મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદીએ બિરદાવ્યા હતા અને રાજ્ય સરકારની મહિલા સુરક્ષા, મહિલા સશક્તિકરણ તેમજ મહિલાઓને લગતી વિવિધ રાજ્ય સરકારની યોજનાઓને બિરદાવી હતી.જિલ્લા વિકાસ અધિકારી શ્રી પ્રશસ્તિ પારીકે મહિલાઓને પોતાના અધિકારોને લગતા કાયદાઓની વિસ્તૃત માહિતી આપી હતી.

KEMISTAR CORPORATION LIMITED
CIN: L24233GJ1994PLC022845
604, MANAS COMPLEX, NEAR JODHPUR CROSS ROAD
SATELLITE, AHMEDABAD GJ 380015
Email: kemistarbse@gmail.com Web: www.kemistar.in

NOTICE

Notice is hereby given Pursuant to Regulation 29 read with Regulation 47 of the SEBI (listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, that the Meeting of the Board of Directors of the company will be held on Thursday, June 28, 2018 at the registered office of the Company, interalia, to consider & approve the revision in audited financial Result due to clerical error, for the 4th Quarter Financial Year ended on 31st March, 2018.

For Kemistar Corporation Limited
Sd/-
Managing Director

Place: Ahmedabad
Date: 21/06/2018

જૂનાગઢ જિલ્લામાં ૩૧મી ઓક્ટોબર ૨૦૧૮ સુધી મુદત પુરી થનાર ગ્રામપંચાયતોની યોજાશે ચુંટણી

જૂનાગઢ તા. ૨૦,રાજ્ય ચુંટણી આયોગે રાજ્યની ૩૧મી જૂલાઈ ૨૦૧૮ સુધીની મુદત પુરી થતી ગ્રામપ;ચાયતોની સામાન્ય ચુંટણીઓ એપ્રિલ-૧૮માં સંપન્ન કરી છે. હવે ગુજરાત પંચાયત અધિનીયમ ૧૯૯૩ની કલમ ૧૩ તથા ૧૫ અનુસાર રાજ્યની ૩૧-૧૦-૨૦૧૮ સુધી મુદત પુરી થતી ગ્રામ પંચાયતોની સામાન્ય ચુંટણી તથા વિભાજનવાળી ગ્રામ પંચાયતોની ચુંટણી અને ગ્રામ પંચાયતોની મધ્યસત્ર/પેટાસત્ર ચુંટણીઓ યોજવા નક્કી કરાયુ છે.

૩૧-૧૦-૨૦૧૮ સુધી મુદત પુરી થતી ગ્રામપંચાયતોમાં યોજવાની થતી ચુંટણીઓ માટે પ્રાંત અધિકારીશ્રી ૨૫મી જૂને જાહેરનામુ પ્રસિધ્ધ કરશે. ઉમેદવારી પત્રો ૩૦મી જૂન સુધી સ્વીકારાશે, ઉમેદવારી પત્રોની ચકાસણી ૨જી જૂલાઈના થશે, ઉમેદવારી પત્રો ૩જી જુલાઈ-૧૮નાં બપોરનાં ૧૫-૦૦ કલાક સુધી પરત ખેંચી શકાશે. આવશ્યકતા હોય ત્યાં ૧૫મી જુલાઈ-૧૮નાં રોજ મતદાન સવારે ૮-૦૦ થી સાંજનાં ૫-૦૦ કલાક દરમ્યાન યોજાશે. મતગણતરી ૧૭મી જુલાઈનાં યોજાશે. અને ૨૦મી જુલાઈએ ચુંટણી પ્રક્રિયા સંપન્ન થશે.

RBLBANK

આરબીએલ બેંક લીમીટેડ

એડમિનિસ્ટ્રેટીવ ઓફીસ : ૧લી લેન, શાહુપુરી, કોલ્હાપુર - ૪૧૬૦૦૧
કંટ્રોલીંગ ઓફીસ : વન ઈન્ડિયા બુલ્સ સેન્ટર, ટાવર ૨બી, છઠો માળ, ૮૪૧, સેનાપતિ બાપત માર્ગ, લોવર પરેલ (વેસ્ટ), મુંબઈ -૪૦૦ ૦૧૩
નેશનલ ઓપરેશન સેન્ટર : ટેકનીપ્લેક્સ-૧, ૯મો માળ, ઓફિસ- વીર સારવરકર ફલાય ઓવર, ગોરેગાંવ (વેસ્ટ),મુંબઈ -૪૦૦ ૦૬૨
શાખા કચેરી : આરબીએલ બેંક લી. શો રૂમ નં.૪, ગ્રાઉન્ડ ફલોર, ટ્વીન ટાવર એ, સહારા દરવાજા, રીંગ રોડ, સુરત- ૩૯૫૦૦૨

કબ્જા નોટિસ
(સ્થાવર મિલકત માટે)
(રૂલ ૮(૧)

આથી આરબીએલ બેંક લીમીટેડના નીચે સહિ કરનાર સત્તાવાર અધિકારી જે હોય તે સીકયુરીટીઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ અને તેની સાથે કલમ ૧૩ (૧૨) અન્વયે નીયમ ૯ વાંચતા સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નીયમ ૨૦૦૨ હેઠળ માંગણા નોટીસ તા.૦૫/૦૯/૨૦૧૭ના રોજ રજી. એ.ડી. કરજદારના નામ (૧) અશોકકુમાર કાલુબાઈ નકરાણી- અરજદાર. (૨) દક્ષાબેન અશોકભાઈ નકરાણી- સહ-અરજદાર. (૩) કાલુભાઈ પ્રેમજીભાઈ નકરાણી- સહ- અરજદાર અને શાંતુબેન કાલુભાઈ નકરાણી સહ- અરજદારને નોટીસમાં જણાવ્યા પ્રમાણેની રકમ **રૂા. ૧,૩૨,૪૮,૦૫૧.૮૮ (રુપીયા એક કરોડ બત્રીસ લાખ અડતાલીસ હજાર એકાવન અને ઈઠયાસી પેસા પુરા) અને રૂા. ૧,૮૨,૮૫,૧૫૪.૪૧/- (રૂપિયા એક કરોડ બેયાસી લાખ પંચ્યાસી હજાર એક સો ચૌપન અને ઈકતાલીસ પેસા પુરા)** ૬૦ દિવસની અંદર આ નોટીસ મળ્યેથી ભરી જવા જણાવવામાં આવેલ હતુ.

કરજદાર જે ૬૦ દિવસનો સમય આપવામાં આવેલો તેમાં આ રકમ ભરી જવામાં નિષ્ફળ ગયા હતા, કરજદારો તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે નીચે સહિ કરનાર અધિકારીએ અહીં વર્ણવેલી મિલકતનો ભૌતિક કબ્જો લીધો છે. જે આ કાયદાની કલમ ૧૩(૪) હેઠળ તેની સાથે નિયમ ૯ વાંચતા તે અથવા તેણીએ સ્વીકૃતિ કર્યા બાદ **૨૧મી જુન, ૨૦૧૮ના રોજ** કબ્જો લીધો છે.

કરજદાર તથા ખાસ કરીને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે ઉપર જણાવેલ રકમ તથા તેના પરના વ્યાજ માટે આ મિલકત આરબીએલ બેંકના તાબામાં છે તેથી અહી દર્શાવેલી મિલકત સાથે કોઈ વ્યવહાર કરવો નહી.

સ્થાળર મિલકતનું વર્ણન આ મુજબ
શોપ નં. : એચજી- ૦૫ (૪૬૬ વર્ગ ફીટ એરિયાનું માપ), શોપ નં. : એચજી-૦૮ (૪૬૬ વર્ગ ફીટ એરિયાનું માપ)એચજી-૦૯ (૪૬૬ વર્ગ ફીટ એરિયાનું માપ) અને એચજી- ૧૦ (૫૮૬ વર્ગ ફીટ એરિયાનું માપ), હાયર ગ્રાઉન્ડ ફ્લોર , સોલીટેઅર બિઝનેસ પ્લાઝા, મીની વિરપુર ટેમ્પલ સામે, પાલનપોર કેનાલ રોડ, મૌજે ગામ : પાલનપોર, તા.: ચૌર્યાસી, જિલ્લોં સુરત.
પૂર્વ તરફ : ૧૫ મી.પહોળો રોડ અને કેનાલ
દક્ષિણ તરફ : ૧૮ મી. પહોળો રોડ
પશ્ચિમ તરફ : એફ.પી.નં. : ૧૨૦
ઉત્તર તરફ : એફ.પી. નં. ૭૭, ૭૮ અને ૧૧૪

અધિકૃત અધિકારી
શ્રી શાજી થામસ
આરબીએલ બેંક લી. વતી

સ્થળ : સુરત
તારીખ : ૨૧/૦૬/૨૦૧૮